# પાલનપુરમાં જીનગર સમાજના શખ્સે જીવતા જગતિયું કરી દેહદાનનો સંકલ્પ લીધો

## સમાજના આગેવાનોએ મધ્યમ વર્ગીય યુવકની કામગીરી બિરદાવી



પાલનપુર, તા. ૨૬

પાલનપુરમાં એક દંપતીએ જીવતા જગતિયું કરીને પરિવારના મોભીએ દેહદાનનો સંકલ્પ લીધો હતો પાલનપુરમાં વસતા જીનગર સમાજમાં દેહદાન પ્રત્યે જાગરૂકતા આવે તે માટે આ પગલું ભર્યું હતું

પ્રભુએ માનવ દેહને અનેક ચમત્કારિક શક્તિઓ થી ભરેલો છે જેનો પુરાવો છે દેહદાન. સામન્યતઃ મૃત્યુ પછી મૃતદેહને માનભેર સ્મશાન કે કબ્રસ્તાનમાં લઈ જઈ તેને પંચમહાભૂતમાં વિલિન કરાય છે જે અગ્ની સમર્પણ કે ધરતી સમર્પણ સ્વરુપે આરોગ્યની દ્રષ્ટીએ સુરક્ષીત રીતે થતુ હોય છે અને તે છે દેહદાન. ગત સદીમાં ચક્ષુ દાન, હૃદય દાન કે કીડની દાન થતુ હતુ પણ હવે શરીરનાં દાન થી ૮ જેટલા માણસોની જુદી જુદી ક્ષતિઓ પૂર્ણ કરી શકાય છે તેથી મૃત્યુ પછી દેહ પ્રભુની જેમ અંશતઃ જીવનદાન કરી શકે છે. પાલનપુર શહેરમાં રહેતા જીનગર સમાજના સંપતલાલ બોડાના એ સમાજના આગેવાનોની હાજરીમાં દેહદાનનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો પાલિકા પ્રમુખ નીલમબેન જાની અને નગર સેવિકા આશાબેન રાવલ એ સંપતભાઈ બોડાણાના દેહદાનના સંકલ્પને બિરદાવ્યો હતો..

સંપતભાઈ એ મૃત્યુ બાદ અપાતું ભોજન નો બહિસ્કાર કરી ચેતના જગાવવાનો પર્યાશ કર્યો હતો બોડાના પરિવાર એ જીવતા જગતિયું કરીને પૂરી સમાજને જમાડી હતી સંપતભાઈ એ જણાવ્યું હતું કે તેમનું શરીર મુર્ત્યુ બાદ કોઈના કામ આવે તે માટે આ સંકલ્પ લીધો છે આજ પ્રકારનો સંકલ્પ પાલનપુરના એક શુશીલા બેન નામની વિધવા મહીલા એ પણ લીધો છે.

દેહદાન માટે નાગરિકોને જાગૃત કરવા માટે સરકાર દ્વારા મોટી-મોટી જાહેરખબરો આપવામાં આવે છે. દેહદાનને મહાદાન તરીકે ગણાવવાના પ્રયત્નોમાં સરકારી તંત્રએ કોઈ કચાશ રાખી નથી. બીજી બાજુ, લોકો પણ તબીબી વિદ્યાર્થીઓ અને દર્દીઓને મદદરૂપ થવાના હેતુથી દેહદાન આપવા માટે તૈયાર થઈ રહ્યા છે જેખુબ સારી બાબત છે.

# પ્રાંતિજમાં ખાલી ટીડીઓની જગ્યા ભરવામાં ન આવતાં જનતામાં રોષ

## સ્ટાફ સહિત તાલુકા પ્રમુખની રજુઆત છતાં તંત્રના ઠાગાઠૈયા





પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં ધણા સમયથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ખાલી હોવા છતાં તંત્ર દ્વારા ભરવામાં ન આવતાં હાલ તો તાલુકા પંચાયત સ્ટાફ સહિત તાલુકાની જનતાને ધરમના ધક્કા ખાવા અને પૈસાનું પાણી કરવાનો વારો આવ્યો છે અને અનેકવાર ઉપર સુધી રજુઆતો કરવા છતાં હપ્તાની મલાઈની રસ મલાઈની લ્હાયમાં તંત્ર દ્વારા પણ હાલ તો આંખ આડે કાન કરવામાં આવે છે ત્યારે હાલ તો ભષ્ટ્રાચારનો પારો ઉપર સુધી પહોંચતો હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

પ્રાંતિજ ખાતે છેલ્લાં ધણા સમયથી ચાર્જમાં રહેલ ટીડીઓ દ્વારા તાલુકાની જનતા જોડે ઉધ્ધત વર્તન તથા પોતાનાં ચાર્જનો દુર ઉપયોગ સહિતના કિસ્સાઓ સહિતની ધટનાઓ વિવિધ ન્યુઝ પેપરોમાં આવ્યાં છતાં અને તાલુકા પ્રમુખ સહિત સ્ટાફની ફરીયાદોનો દોર છતાં તંત્ર દ્વારા ઠાગાઠૈયાથી હાલ તો ઉપર સુધી હપ્તાઓ પહોચતા હોવાની રાહ ઉઠવા પામી છે. અને ચાર્જમાં રહેલ ટીડીઓ દ્વારા વર્ષમાં બબ્બે વાર કોન્ટ્રાક્ટરો તથા તલાટીઓ જોડે ઉઘરાણું કરતાં હાલ આ મુદ્દો ટોપ એન ટાઉન બન્યો છે. અને તાલુકા પ્રમુખ દ્વારા પણ જિલ્લા વિકાસ અધિકારી વ્યાસ તથા જિલ્લા કલેકટર ઓફિસમાં રજુઆત કરી હોવાનું જાણવા મલ્યુ છે ત્યારે તંત્ર ચાર્જમાં રહેલ ટીડીઓની જન્મ કુંડળી જાણતાં હોવા છતાં હાલ તો આંખ આડે કાન કરતાં હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે ત્યારે હાલ તો પ્રાંતિજ તાલુકાના લોકોને તાલુકા પંચાયતના કામોને લઈને ધરમના ધકકા ખાવા પડે છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું કાયમી જગ્યા કયારે ભરવામાં આવશે કે આ ચાર્જ અન્ય કોઈ લાયકાત અધિકારીને આપવામાં આવશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું નહિ તો ચલતા હે હોતા હે ની સ્થિતિ હાલ તો જણાઈ આવે છે.

# ભીલડીમાં યુવકને ડેન્ગ્યુની અસર થતા સારવાર અર્થે ખસેડાયો



ડીસા, તા. ૨૬

ભીલડીમાં છેલ્લા કેટલાક સમયથી રોગચાળાએ ડારો દેતા ઘેર-ઘેર માંદગીના ખાટલા મંડાયા છે. ત્યારે રેલ્વે કોલોની શાંતિનગર ખાતે રહેતા એક યુવકને ડેન્ગ્યુના લક્ષણો જણાતા તાબડતોબ ડીસાની એક ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ભીલડી રેલ્વે કોલોની શાંતિનગર વિસ્તારમાં રહેતા પ્રકાશકુમાર બાબુલાલ વર્માને છેલ્લા કેટલાક દિવસોથી તાવ આવતો હોવાથી તેને સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં રીપોર્ટ દરમ્યાન ડેન્ગ્યુ જણાતા ડીસાની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ભીલડી સહિત સમગ્ર ડીસા તાલુકામાં છેલ્લા એક માસથી વિવિધ પ્રકારના રોગચાળાએ માથુ ઉંચક્યું છે. સરકારી અને પ્રાઈવેટ દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ત્યારે રોગચાળાને કાબુમાં લાવવા માટે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

# ઈડરમાં અધ્યક્ષ રમણલાલ વોરાના ઘરને ઘેરાવો

## કોંગ્રેસના ૫૦ કાર્યકરોને ડીટેન કરાયા

હિંમતનગર, તા. ૨૬

કોંગ્રેસ દ્વારા છેલ્લા બે દિવસથી રાજ્યભરમાં નોટબંધીને લઈને વિરોધ થઈ રહ્યો છે ત્યારે સાબરકાંઠા જીલ્લામાં નોટ બંધીના હિમતનગરમાં બે દિવસમાં વિવિધ વિરોધના કાર્યક્રમ બાદ શનિવારે ઈડર ખાતે બાઈક રેલી યોજી વિધાનસભાના અધ્યક્ષ રમણલાલના ઘરનો ઘેરાવો કરતા ૫૦ કાર્યકરોની ઈડર પોલીસે ડીટેન કર્યા હતા.

સરકાર દ્વારા ૧૦૦૦ અને ૫૦૦ ની નોટ બંધ કરાઈ ત્યારથી નાના માણસો ખેડૂતોને વિવિધ પ્રકારે હાલાકી ભોગવવી પડી રહી છે જેને લઈને કોંગ્રેસ દ્વારા કાર્યક્રમો નોટબંધીના વિરોધમાં હિંમતનગર બાદ શનિવારે ઈડર ખાતે કોંગ્રેસ દ્વારા એક બાઈક રેલી યોજાઈ હતી. જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત, રામભાઈ સોલંકી સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો બાઈક રેલી સ્વરૂપે ઈડરમાં સુત્રોચાર કરતા નીકળ્યા હતા અને ત્યારબાદ વિધાનસભાના અધ્યક્ષ અને ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરાના ઘરનો ઘેરાવો કરવા જતા પોલીસે કાર્યકરોને અટકાવ્યા હતા અને ઈડર પોલીસે ૫૦ જેટલા કાર્યકરોની ડીટેન કર્યા હતા.

# પૂર્વ ડીઆજી ડી.જી. વણઝારાના પુત્ર પૃથ્વીરાજ લગ્નગ્રંથીથી જોડાયા

તલોદ, તા. ૨૬

પૂર્વ ડીઆઈજી ડી.જી. વણઝારાના પુત્ર પૃથ્વીરાજ વણઝારાના લગ્ન ગાંધીનગરના ઈન્ફોસિટી ખાતે શુક્રવારે યોજાયા હતા. આ પ્રસંગે નવદંપતિને આશીર્વાદ આપવા રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી, રાજયના મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણી, વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, વિધાનસભાના અધ્યક્ષ રમણભાઈ વોરા, નાયબ અધ્યક્ષ શંભુજી ઠાકોર, પૂર્વ મુખ્યમંત્રી કેશુબાપા, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના એડીટર અજય ઉમડ, ભાગ્યેશભાઈ જહા, પંચમહાલ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ, સાબરકાંઠા સાંસદ દિપસિંહજી રાઠોડ અનેક ધારાસભ્યો તથા સાંસદો, મંત્રીઓ તેમજ વણઝારા સમાજના આગેવાનો સાથે અનેક જ્ઞાતિઓમાંથી પદ અધિકારીઓ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. જેમાં ઈલેક્ટ્રોનીક તેમજ પ્રિન્ટ મિડીયામાંથી પત્રકારો પણ મોટી સંખ્યામાં હાજરી આપી આશીર્વાદ વરસાવ્યા હતા. રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ લગ્નમાં પારિવારિક હાજરી આપી શોભા વધારી હતી.

# મોડાસા બાયપાસ માર્ગ પરથી ૭૮ હજારનો વિદેશી દારૂ ઝડપાયો


## અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદ પરથી લક્ઝુરીયસ કારમાં વિદેશી દારૂ ઘુસાડવાની ઘટનાઓ યથાવત

મોડાસ, તા. ૨૬

ગાંધીનગર સ્થિત આરઆરસેલ દ્વારા કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડવાની જિલ્લાના વિવિધ સરહદી વિસ્તારોમાં સફળ કામગીરી હાથ ધરતા દ્વારા જિલ્લાની આંતરરાજ્ય સરહદ પરથી વિદેશી દારૂ ગુસાડતા બુટલેગરો પર ગાળીયો કસતા બુટલેગરો તોબા પોકારી ગયા છે. નિતનવા નુસખા અપનાવી સતત વિદેશી દારૂ ઘુસાડવા મરણીયા બન્યા છે. મોડાસા બાયપાસ રોડ પર આવેલા રેલવે ક્રોસીંગ શુક્રવારે રાત્રીના ૧૦ કલાકે રાજસ્થાન તરફથી આવતી ફોક્સ વેગન કાર (ગાડી નં. જીજે૧.કેએચ.૪૦૫૩) શંકાસ્પદ ઝડપ જણાતા કારને અટકાવી તલાશી લેતા કારની પાછળના ભાગે ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ અને બીયરની જુદી જુદી બ્રાન્ડની કુલ આખી પેટી નંગ ૨૧ તથા છુટી બોટલ, ટીન મળી કુલ બોટલ, ટીન નંગ ૪૮૮ કિંમત રૂ. ૭૮,૮૦૦ તથા કારની કિંમત રૂ. ૫ લાખ, મોબાઈલ, રોકડ રકમ સહિત કુલ રૂ. ૫,૮૦ હજારનો મુદ્દામાલ ઝડપી પાડી કારચાલક ગોપાલદાસ ખ્યાલીદાસ વૈષ્ણવ કુબેરનગર અમદાવાદની ધરપકડ કરી તેની બાજુમાં બેઠેલો શખ્સ જીગર કલાલ (રહે. ડુંગરપુર, રાજસ્થાન)ના નાસી જતા તેમજ વિદેશી દારૂ ભરી આપનાર મહેશ ઉર્ફે કૈલાશ (રાજસ્થાન) અને જે બુટલેગરના ત્યાં વિદેશી દારૂ પહોંચાડવાનો હતો તે પ્રકાશ સીન્ધી (રહે. સોલા, અમદાવાદ) વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.







**રાજસ્થાનનો મહેશ નામનો બુટલેગર સક્રિય : પોલીસતંત્ર દ્વારા પોલો કારમાંથી ૭૮ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો : ૨ આરોપી સળીયા પાછળ**

અરવલ્લી જિલ્લા પોલીસતંત્રની કામગીરી અંગે અનેક સવાલો પેદા થતા જિલ્લા પોલીસ વડા તેમજ પોલીસતંત્ર એકાએક હરકતમાં આવી ગયુ હતુ. અરવલ્લી જિલ્લા પોલીસ વડાએ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો, જિલ્લા એલસીબી અને જિલ્લા એસઓજીને જિલ્લાના સરહદી વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગના આદેશો આપી વિદેશી દારૂ ઘુસાડતા બુટલેગરોને ઝડપી પાડવા સઘન કાર્યવાહિ પછી જિલ્લાના સરહદી વિસ્તારોમાંથી લક્ઝુરીયસ કાર દ્વારા ગેરકકાયદેસર વગર પાસ પરમીટનો હેરાફેરી થતો વિદેશી દારૂ ઝડપવાની સપ્તાહ દરમિયાન ત્રીજી ઘટના બનતા બુટલેગરોના પ્રયાસો નિષ્ફળ બની ગયા છે. જિલ્લા એલસીબી, એસઓજીની ટીમ અને મોડાસા ટાઉ પોલીસે મોડાસા બાયપાસ રોડ પરથી પસાર થતી ફોક્સ વેગન પોલો કારમાંથી ૭૮,૮૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડી એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોર

# પ્રાંતિજમાં કમાલપુર પાસે વાહનની ટક્કરે યુવકનું મોત

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગર- અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કમાલપુર પાસે રાત્રીના સમયે કોઈ અજાણ્યા ભારે વાહને અજાણ્યા ઈસમને ટક્કર મારતાં તેવોને માથાના ભાગે અને શરીરે ગંભીર રીતે ઈજાઓ થતાં ધટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલિસને હઠીસિંહ માનસિંહ ચૌહાણ ઉ.વર્ષ- ૪૫ રહે. નાની ભાગોળ પ્રાંતિજ દ્વારા પોલિસને જાણ કરતાં પોલિસે ધટનાસ્થળે જઈને અજાણ્યા વાહનચાલક વિરૂધ્ધ ગુનો નોંધી મૃતકના પરિવારની તપાસ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લા કોંગ્રેસ દ્વારા તાલુકા મથકોએ જનઆક્રોશ રેલી

## નોટબંધીથી પ્રજાને પડતી હાલાકી સત્વરે દૂર કરવા યોજાઈ બાઈક રેલી





મોડાસા, તા. ૨૬

કેન્દ્ર સરકાર રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરવાની જાહેરાત બાદ ચોમેરથી વિરોધ થઈ રહ્યો છે. સત્તાધીશ પક્ષ સામે તમામ વિપક્ષો એક જૂથ થઈ કેન્દ્ર સરકારનો ઉગ્ર વિરોધ કરી દેશવાસીઓને નોટબંધીના પગલે પડતી હાલાકી સત્વરે દૂર કરવા જલદ કાર્યક્રમો નક્કી કર્યા છે. ગુજરાતમાં નોટબંધી બાબતે કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્યના પ્રજાજનોમાં જાગૃતિ ફેલાવા સતત પાંચ દિવસ સુધી ઉગ્ર આંદોલન કરવાના કાર્યક્રમોના ત્રીજા દિવસે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તાલુકા મથકોએ જનઆક્રોશ રેલી યોજી હતી.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લાના મુખ્યમથક મોડાસા તદઉપરાંત બાયડ, ધનસુરા, મેઘરજ, ભિલોડા, માલપુર તાલુકા કક્ષાએ જન આક્રોશ રેલી યોજાઈ હતી. નોટબંધીના કારણે આમ પ્રજાજનોને ભોગવવી પડતી હાલાકીના વિરોધમાં તેમજ જિલ્લાના નાના-મોટા તમામ રોજગાર ધંધાઓ, પેકીઓ સહિત પ્રજાજનોને પડતી તકલીફ અને મુંઝવણના પગલે બાઈકરેલી યોજી હતી. જનઆક્રોશ રેલીમાં મોડાસા શહેરમાં મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો અને અગ્રણીઓ બાઈકરેલી યોજી કોંગ્રેસનો ઝંડો લહેરાવી સરકારના નિર્ણય સામે ઉગ્ર સુત્રોચ્ચાર કરાયો હતો. મોડાસા શહેરના ચાર રસ્તા અને મુખ્ય માર્ગો પર જનઆક્રોશ બાઈક રેલીના પગલે ટ્રાફિક જામના દશ્યો જોવા મળ્યા હતા. બાયડ તાલુકામાં સાઠંબા જિલ્લા પંચાયતના સદસ્ય માનવેન્દ્રસીંહ તેમજ તાલુકા કક્ષાના અગ્રણીઓ દ્વારા બાઈક રેલી યોજી નોટબંધીના પગલે જિલ્લાના પ્રજાજનોને વેઠવી પડતી મુશ્કેલીઓના સમર્થનમાં રેલી યોજાઈ હોવાનું જણાવ્યું હતું.

અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા નોટબંધીના પગલે કોંગ્રેસ દ્વારા અપાયેલા રાજ્યવ્યાપી ઉગ્ર વિરોધ પ્રદર્શન અને આંદોલન દ્વારા અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતત જનઆક્રોશ બાઈક રેલીનું પેટ્રોલીંગ કર્યું હતું.

# ભિલોડા તાલુકાનો પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૨૬

ગુજરાત રાજ્યના વહીવટમાં પારદર્શીતા વધે તેમજ પ્રજાજનોના સામુહિક રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે મોડાસા પ્રાંત કક્ષાનો ભિલોડા તાલુકાનો પ્રગતિ સેતુ કાર્યક્રમ તા.૨૫/૧૧/૨૦૧૬ ને શુક્રવારના રોજ યોજાયો હતો.ભિલોડા માતૃશ્રી આર.જે. તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયના હોલમાં સામુહિક વિકાસના કામો, નાણાંકીય આયોજન, વિવિધ પ્રાણ પ્રશ્નો અને નિતીવિષયક રજુઆતોનું સ્થાનિકમાં નિરાકણ કરવામાં આવ્યું હતું. અરજદારોના પ્રાણ પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરાયું હતું.

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા કલેક્ટર,અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારી, ભિલોડા મામલતદાર, ભિલોડા ટી.ડી.ઓ., વહીવટી તંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ, અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, અરવલ્લી જીલ્લા ભાજપ સંઘઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, ઉપપ્રમુખ નીલાબેન મડીયા, ઉપપ્રમુખ ગજાનંદભાઈ પ્રજાપતી, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, ગુણવંતભાઈ ત્રિવેદી, શામળદાસ પટેલ સહિત અરજદારો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડામાં પ્રગતિ સેતુ કાર્યક્રમમાં વિવિધ પ્રાણ પ્રશ્નોનું નિરાકરણ કરાયું હતું.

# માથાસુલિયા પ્રાથમિક શાળામાં બંધારણ દિવસની ઉજવણી







માથાસુલિયા પ્રાથમિક શાળા, તા. મોડાસામાં આજે સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી. દેશની આઝાદી પછી અમલમાં આવેલ ભારતીય સંવિધાન વિશેની માહિતીથી બાળકોને પરિચિત કરવામાં આવ્યા. સંવિધાનનો અર્થ શાળાના બાળકોને સમજાવી સંવિધાનની રચના વિશેની વિસ્તૃત સમજ આપવામાં આવી. શાળાના મુખ્ય શિક્ષક તથા ઉ.શિ. જયેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના સા.વિ.ના શિક્ષક રણજીતકુમાર વણકર તથા ડૉ. શિવશંકર જોષીએ સંવિધાન અંગે બાળકો સમક્ષ વ્યક્તવ્ય રજૂ કરી સંવિધાનની સંકલ્પનાઓની વિસ્તૃત સમજ આપી સંવિધાનની ઓળખ રજુ કરી હતી. શાળાના વિદ્યાર્થીઓએ પણ સંવિધાન બાબતે નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. શાળાના સ્ટાફ મિત્રોએ સહકાર આપી કાર્યક્રમને સફ બનાવ્યો હતો....''જય સંવિધાન જય ભારત''